॥ श्री कृष्णायनमः ॥

श्रीकामवन निवासी धर्मधुरंधर महाराज गोस्वामी श्रीदेवकीनंदनाचार्यजीनुं जीवन चरित्र.

શેઠ હરીવલ્લભ મુળચંદ વાળા.

શ્રીમાન શેઠ હરિદાસ અચરતલાલની મદદથી

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

કવિ શીવલાલ ખુશાલભાઈ બ્રહ્મભટ.

ગોમતીપુર—અમદાવાદ.

સને ૧૯૧૩. પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦.

અમદાવાદ:

ખાડીઆમાં હિતેચ્છુ પ્રેસમાં હરિપ્રસાદ ત્રિકમલાલ

મહેતાએ છાપ્યું.

અમૂલ્ય.

श्रीगोपीजन वल्लभाय नमः

श्रीकामवन निवाशी धर्मधुरंधर-महाराज-गोस्वामीश्री ७

श्रीदेवकीनंदनाचार्यजीनुं जीवन चरित्र.

ગરબી.

" ગોકુળથી ગિરીધારીરે, મથુરાં જઈને રહ્યા; "
" કાગળ કાંય નાવ્યારે, બહુ દીન વીતી ગયા" એ રાગ.

ગુણિયલ ગોસ્વામીરે, દેવકીનંદન જેવા;
અફસોસ આલમમાંરે, ઉપજે નહિ એવા. ગુણિયલ. ટેક.
દીગવિજય કીધોરે, દેશ અરૂ વિદેશે;
માન મર્તબો પામ્યારે, અસરકાર ઉપદેશે. ગુણિયલ. ૧
વૈષ્ણવ પદ કેરીરે, મહતા બહુ વધારી;
ભવ્ય ભાષણો ભાખીરે, ધવળ પદવી ધારી- ગુણીયલ. ૨
આચાર્ય ઉપદેસીનેરે, શાસ્ત્રાર્થ સમજાવી;
પુષ્ટી મારગ કેરીરે, પુષ્ટી બહુ દર્શાવી. ગુણીયલ. ૩
પુરા શાસ્ત્રો સંપન્નરે, હુતા પંડિતો પાસે;
ભવ્ય ભાષણો ભાંખતારે, અતિ ઉર હુલ્લાસે. ગુણીયલ ૪
ટંકશાળ વિગરેમાંરે, ભારે સભાઓ ભરી;
અસરકાર ઉપદેશીરે, વિમળ વાણી ઉચરી. ગુણીયલ. ૫
વિદેસ માંહેરે, પુરી પ્રભુતા દાખી;
વૈષ્ણવો વિશેરે, ભલાં ભાષણો ભાખી. ગુણીયલ. ૬

સદાચરણી સાત્વકીરે, ગુણનીધી ગોસ્વામી;
જસ કિરતી જેમનીરે, જુગો જુગ રહી જામી. ગુણી. ૭
ખોટ ગટુલાલ કેરીરે, પુરી જેમણે પાડી;
ઉપદેશ દવારેરે, સંતોષ શુભ પમાડી. ગુણીયલ. ૮
અચળ રહો ઉત્તમરે, નટવર શ્વામની ગાદી;
રણછોડ મધુસુદનેરે, મેળવી મુબારકબાદી. ગુણીયલ. ૯
મધુસુદન મોહોટારે, મહારાજ મહાન મણી;
વડા વૈષ્ણવો ઉપરરે, પ્રીતી જેમનીજ ઘણી. ગુણીયલ ૧૦
દેવકીનંદન મહારાજનીરે, ખોટ ખલકમાં પડી;
અગાધ અફસોસીરે, હરેકની હવી વડી. ગુણીયલ. ૧૧
આચાર્યો માંહે ઉત્તમરે, ઘણાજ હવા જ્ઞાની;
વડી વિદ્યા વૈભવથીરે, હવા નહિ અભિમાની. ગુણીય. ૧૨
સત શાસ્ત્રો કેરાંરે, દ્રષ્ટાંતો બહુ આપી;
પુષ્ટીમારગ કેરીરે, થીર થાપના થાપી. ગુણીયલ. ૧૩
સર્વ સ્વરૂપો માંહેરે, દેવકીનંદન દીવો;
લાલ તેમના તેવારે, શ્રીવલભલાલ જુગ જીવો.ગુણીયલ.૧૪
પુરણ હુવા પ્રતાપીરે, તપેશ્વરી તપ ધારી;
જ્ઞાન દ્વારે ગુરૂએરે, વિમળ કિરતિ વિસ્તારી. ગુણી. ૧૫
સહુ વૈષ્ણવો કેરારે, વિભુજી વડા વહાલા;
પ્રભુતા દાખી પુરીરે, ક્રોડ વસા કૃપાળા. ગુણીયલ. ૧૬
નેણ સરોજ નિરમળરે, સજળ બહુ સ્નેહે ભર્યા;
મૂખ કમલ મલકતુરે, અમૃત વચનો ઉચર્યા. ગુણ. ૧૭

આનંદ હોય હરેકનેરે, ચરણ પરશ કરી;
નરનારીઓ નીત્યેરે, આવે બહુ હર્ષ ધરી. ગુણીયલ ૧૮
શેઠ અચરતલાલની હરોલમાંરે, બંગલા માંહે બિરાજતા;
વીર વૈષ્ણવો સર્વેરે, દર્શને ત્યાં આવતા. ગુણીયલ ૧૯
નગ્ર વાસીઓ નિત્યેરે, નમન કરવા નીસરે;
ઠામ જોઈ તે ઠાલોરે, વિસાર્યાં તે નહિ વિસરે. ગુણી. ૨૦
તારીખ બારમી અગષ્ટરે, હવા મથુરા વાસી;
ત્યાં લીલા કીધીરે, અધિક ઉર ઉદાસી. ગુણીયલ. ૨૧
ગુમાવ્યા ગૃહસ્થ વૈષ્ણવેરે, ગુરૂ મોટા ગોસ્વામી;
પ્રભુતા વાળા પુરારે, ધર્મ ધુરંધર ધામી. ગુણીયલ ૨૩
માન્ય કારી મહારાજનીરે, મનોહર મહા મુરતી;
લાગી રેહેતીજ જેમનીરે, શ્રીકૃષ્ણ માંહે સુરતી. ગુણી. ૨૪
વડો વૈષ્ણવો કેરોરે, આચાર્ય હીરો હડતાયો;
વ્યાખ્યાન દ્વારે તે વિભૂનોરે, છટાદાર યસ છાયો. ગુ. ૨૫
અનુભવી આચાર્યનીરે, ખોટ ખલકમાં ઘણી;
ગૃમ હુવા ગોસ્વામીરે, મહાન જ્ઞાની મણી; ગુણી. ૨૬
શોક જનક શિવલાલરે, ગુરૂ ગયા ગોસ્વામી;
ભાષણ દ્વારે ભૂમંડળેરે, પડી જેમની ખામી. ગુણી. ૨૭
સંવત ઓગણીસે પંદરરે, ચઇતર સુદ ત્રીજ દીને;
..ઠ ધર્યો આ જગમાંરે, પુરા પ્રાક્રમી પ્રવીણે. ગુ. ૨૮
મોક્ષ કરવા મનુષ્યનોરે, હવા ઈશ્વર અંસી;
અન્ય મારગો કેરારે, દેવ નહોતા ડંસી. ગુણીયલ.૨૯

સર્વ સાથેજ રાખીરે, સારી રીતે સમાનતા;
હિંદુ ઈશ્લામ પારસીનેરે, ભલા હવા મન ભાવતા. ગુ. ૩૦
તારીખ બારમી અગષ્ટેરે, શ્રીમથુરાજી ગયા;
અમદાવાદ છોડીરે, થોડી માંદગીમાં રહ્યા. ગુણીયલ. ૩૧
શ્રાવણ વદી બીજેરે, વિભૂએ લીલા વિસ્તારી;
તારીખ અઢારમી અગષ્ટેરે, હવા વૈકુંઠના વિહારી. ગુ. ૩૨
એથી હરેક હરિજનનેરે, શ્રવે શ્રાવણ હેલી;
શોકજનક શીવલાલરે, ફાની દુનિયા મેહેલી. ગુણી. ૩૩
જન્મ ભૂમીમાં જેહનુંરે, મૃત્યુ થાય તે સારૂં;
વેદ શાસ્ત્રોએ વદીચુંરે, મોક્ષ પદ દેનારૂં. ગુણીયલ. ૩૪
ગુણનીધી ગોસ્વામીરે, સારા હવા સંસ્કારી;
જેમણે જનમ ભૂમિમાંરે, જઇને લીલા વિસ્તારી. ગુ. ૩૫
અમદાવાદના હરિજનોરે, હરેક હવા ઉદાસી;
લેહ લગાડી પુરીરે, હરિ હવા આકાસી. ગુણીયલ. ૩૬
દેવકીનંદનનીરે, નથી જગમાં જોડી;
ગયા ગુરૂ ગોસ્વામીરે, યશ ચાદર હોડી. ગુણી. ૩૭
જેથી કરી જેમનીરે, અલ્પ બીના ઉચરી;
વિદેહ મુક્ત થઈ વિભૂજીરે, વૈકુંઠે ગયા વિચરી. ગુ. ૩૮

પદ રાગ ગરબી.

"તારી વાટય જુવે વૃજ નારરે મધુ વનના વાસીઆ,
"કાના એક વાર ગોકુળ આવોરે—મધુ—એ રાગ.
ગયા દેવકીનંદનાચાર્યરે, કામ વનના વાસી;

અફસોસ હવા જન આર્યેરે, વિમળ કીરતિ વિકાશી. કામ.૧
પ્રભાતે ઉઠી પીતથીરે, હરિ કરી અસ્નાન;
ઠાકોર પુજી ઠાઠથીરે, સાધતા સમાધી ધ્યાનરે. કામવ. ૨
નિત નિયમ હુતો ઘણોરે, ખંતે કરતા ખટ ખટ કર્મ;
દેશ હોકે વિદેશમાંરે, ચાલતાં ચુકયા નથી ધર્મ. કામવ. ૩
ચપળ હુતા ચિતનારે, સજતા સાદો પોશાક;
વિદ્વતાએ કરી વિશ્વમાંરે, વગાડી વિભૂએ વિર હાકરે. કા. ૫
મીલનસાર મહારાજનોરે, કુડો જાણી કાળ;
તાર મળ્યાથી તમામનેરે, પડીજ પેટમાં ફાળરે. કામવનના. ૬
છજ દીવસમાં છબીલેરે, જઇને દીધોજ છેહ;
ફોરદાર ફરી મળ્યા નહીરે, ઉવી અધિક અફસોસી એહ. કા. ૭
આખા અમદાવાદમાંરે, હાટે પડી હરતાર;
વિસાદ કરે સૌ વૌષ્ણવોરે, ગુમ હવા ગુરૂ ઇશ અવતારરે. કા. ૮
ખબર ખોટી આ સાંભળીરે, ખળભળી ઉઠયું ખગોળ;
અધિક અમદાવાદમાંરે, અફસોસ હવો અણુતોલરે. કા. ૯
સહુ સદગૃહસ્થે સ્વામીનીરે, ગમી દર્શાવવા કાજ;
ભાટીયાની ધર્મશાળમાંરે, ભર્યો શહેરસમાજરે. કામવનના.૧૦
સર. ચિનુભાઇએ સ્વીકાર્યુરે, પ્રમુખપદ ધરી પ્રીત;
સરદાર બેરોનેટ બહુ હવારે, ખેદજનક ખાનદાન ખચીતરે.
શેઠ હરીવલ્લભ મુળચંદનારે, શેઠ અચરતલાલ હવા ઉદાસ;
પાટવી પુત્ર તેમનારે, અફસોસ હવા હરિદાસરે. કામવ.૧૧
ભવ્ય ભાષણો ભાખીયારે, ઉમદાં અસરકાર;
ક ગુરૂ ગોસ્વામી તણાંરે, ધરી લાગણી અપરંપારરે. કામ. ૧૨

આચાર્યે પદ ઓપાવીયુંરે, જકત ગુરૂએ જરૂર;
ગોસ્વામીનું ઘણું કરીરે, દર્સાવ્યું નૌત્તમ નુરરે. કામવનના. ૧૩
અગાધ ગતી આચાર્યનીરે, હવા વિદ્યા વિસારદવીર;
જય મેળવ્યો બહુ જક્તમાંરે, ઉચરી ઉપદેસો અકસીરરે. કા. ૧૪
પંડીતો હુતા પાસે તેમનીરે, મહાન જ્ઞાનીઓ મરાલ;
સંસય સર્વના ટાળતારે, દ્રષ્ટાંતો દેઇ દીનદયાલરે. કા. ૧૫
વિશેષે વૈષ્ણવ ધર્મનોરે, પરિમલ કર્યો પચાર;
ભારે ભારે સભાઓ ભરીરે, મુંબઇ અમદાવાદ મોજારરે. કા. ૧૬

ગરબી.

"ઉદ્ધવજી સંદેસડો કહેજો મથુરા મોજાર." એ રાગ.
શ્રી દેવકીનંદન દેવના, ગુણોનીધી ગવાય;
આખી તે આલમજાહાનમાં, પુજય પાદ પુજાય. ટેક.
નિરાભિ માની નિર્મળા, મર્તગાદાર મહારાજ;
ઇશ્વિર અંસી ઉપજયા, જાણી દેશની દાજ. શ્રીદેવકી. ૧
મુમુક્ષુના મોક્ષ કારણે, પધાર્યા પૃથ્વીની પીઠ;
સ્વ ધર્મ સારો સાચવ્યો, નિર્મ રાખી સુનીષ્ઠ. શ્રીદેવકી. ૨
કરણાસિંધુ હવા કેસરી, કામ વન મોજાર;
પરિમળ પુષ્ટી માર્ગનો, સમજાવ્યો સુભ સાર. શ્રીદેવકી. ૩
તેમના જેવા તપેશ્વરી, વડા વલ્લભલાલ;
અચળ રહો આલમ વિશે, ધર્મ નીતી પ્રતિપાલ. શ્રીદે. ૪
દેવકીનંદન દુનિયા વિશે, મહારાજ હવા મશહુર;
ગોસ્વામીજીનું ઘણું કરી, દર્સાવ્યુંરે નુર. શ્રીદેવકી.

પ્રભુના પુરી દાખવી, દેવે દુનિયા મોઝાર;
ઉપદેશ દીધા અતિ ઘણા, હોય જેથી ઓદ્ધાર. શ્રીદેવકી ૬
સદ્જ્ઞાની હુતા સ્વરૂપમાં, ધર્મ ધુરંધર ધીર;
મહતા મોટી મેળવી, વિદ્યા વિશારદવીર. શ્રીદેવકી. ૭
વૈષ્ણવી; વ્યાકરણ વેદાંતનાં, પુસ્તકોનો અભ્યાસ;
કીધેલ હુતો કોડથી, ખંત રાખીજ ખાસ. શ્રીદેવકી. ૮
ખટે શાસ્ત્રો વેદાંતનો, સમજેલ હુતાજ સાર;
જેથી જીજ્ઞાસુ લોકમાં, પરિમલ કીધો પચાર. શ્રીદેવકી. ૯
ક્રોધ કરી કોઇ ઉપરેરે, કથન કથ્યું ન એકાદ;
ગરીબ તવંગર સર્વની, સમાન રાખી મર્યાદ. શ્રીદેવકી. ૧૦
સુબોધ સદ્‌ગુરૂ તણો, ભુલ્યો નહિ ભુલાય;
મેદની માંહે મહારાજનો, મહા મોટો મહિમાય. શ્રીદેવકી. ૧૧
હિંદ ધર્મની આલમ વિશે, રૂડી રાખીજ હદ;
ગંગાને ગોસ્વામીએ, સોવસાજ સદ્ય. શ્રીદેવકી. ૧૨
પાવન કરે પતીતને, ગંગા સરજુની લેહેર;
તેવીજ ગોસ્વામી તણી, પવિત્ર કથાની પેર. શ્રીદેવકી. ૧૩
ગોસ્વામી ગંગા તણો, જહાં લગી પ્રકાશ;
ત્યાં લગી હિંદ ધર્મનો, વડો રહેશે વિકાશ. શ્રીદેવકી. ૧૪
સત શાસ્ત્રોપર સનેહથી, પ્રીતી રાખતા પુર;
[illegible] કરીને જેમનું, ખુલી ગયુંજ ઉર. શ્રીદેવકી. ૧૫
[illegible]પણાથી બહુ કરી, હુતા ભકિતજવાન;
કાઇ બહુ સાચવી, ગરવું સમજીજ જ્ઞાન. શ્રીદેવકી. ૧૬

મુસાફરીમાં મહારાજજી, નિત્ય નિયમ ધ્યાન;
ચુકયા નથી કોઇ સમે, ભવ્ય ભાગી ભગવાન. શ્રીદે. ૧૭
આચાર વિચાર નિખાલસપણું, સર્વથા રાખી સાદાઇ;
વદવું એવું સૌ વૈષ્ણવનું, રાખી નહી મહોટાઇ. શ્રીદેવકી. ૧૮
સાચવવી કઠીણુ છે, મહાન પુરૂષોની રીત;
પરંતુ પ્રભુએ સાચવી, ખંત રાખી ખચીત. શ્રીદેવકી. ૧૯
અનેક કામોવાળા થકી, ધર્મ સાચવવો કઠીણુ;
પરંતુ તેમણે સાચવ્યો, કદી હુવા ન હીણુ. શ્રીદેવકી. ૨૦
તેઓશ્રીમાં નહોતો હુતો, ધર્મ વિશે મતભેદ;
જેથી કરીને જેમણે, કોઇનો કીધો ન ખેદ. શ્રીદેવકી. ૨૧
શ્રીવલ્લભલાલજી વિભૂ તણો, મોટો ચાલો મહિમાય;
પૂજ્ય પિતાજીના સમો, જય પામો જગરાય. શ્રીદે. ૨૫
દીર્ઘાયુશ દાના પામજો, પુજુ કૃષ્ણ કૃપાલ;
શ્રીવલ્લભલાલજી શ્રીહરિ, બાહોસ ગોસાઇના બાલ. ૨૬
શેઠ હરિદાસ અચરતલાલની, જીહોસી જોઇ જરૂર;
ધર્મ દ્વારે ધીમંતની, ઉમટયા હર્ષ અંકુર. શ્રીદેવકી. ૨૭
યથા મતિએ ઉચર્યું, બહુ નામીનું ધ્યાન;
સ્વીકારશો સહ પ્રેમથી, વિર વૈષ્ણવ વિદ્વાન. શ્રીદેવકી. ૨૮
આવા આચાર્ય ન ઉપજે, કહે કવિ શિવરાજ;
શ્રીદેવકીનંદન સમા, મહાન જ્ઞાની મહારાજ. શ્રીદેવકી. ૨૯
સાગર ભર્યા ગુણો શ્રીજીના, ગાગરમાં ન સમાય;
અથેચ્છ જેથી આળેખ્યું, મોટો જેમનો મહિમાય. શ્રી. ૨૯



માંડવીની પોળમાં—સોનીની પોળમાં ખુલસ જણસો, અછોડા, જડવા ઘડવા વગેરે સોનાનું કામ કરનાર શેઠ ગોવીંદલાલ છોટાલાલ સોની તથા તેમના પુત્રો ઠાકોરભા' વગેરેની પાસેથી આ ચોપડી મળશે.